
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



પ્રેમ રાજપૂત
(૧૯૪૩) ફોન: ૨૩૨ ૩૬૭૭૮

## ઈન્દ્રોડા સર્કલ ખાતે અંબાજી પદયાત્રીઓના સેવા કેન્દ્રનો ૧૮મીએ પ્રારંભ કરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના પ્રવેશ દ્વાર એવા ઈન્દ્રોડા સર્કલ ચ-૦ ખાતે પંચદેવ મંદિરના યુવકો દ્વારા ભાદરવા સુદ પુનમે અંબાજી પગપાળા જતા યાત્રીકો માટે છેલ્લા ૧૬ વર્ષથી સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. તેજ રીતે આ વર્ષે પણ તા. ૧૮-૯-૧૨ અને ભાદરવા સુદ બીજના રોજથી સેવા કેન્દ્રનો પ્રારંભ પંચદેવ મંદિરના મહંત પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીના વરદ હસ્તે રાખવામાં આવેલ છે.

આ સેવા કેન્દ્રમાં ચા, કોફી, નાસ્તો, ગરમ મહાપ્રસાદ તથા મેડીકલ સારવારની પણ વ્યવસ્થા રાખેલ છે. જેથી દરેક પદયાત્રીકોને સેવાનો લાભ લેવા નમ્ર વિનંતી.

## અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા ૧૬મીએ વાર્તાલાપ

ગાંધીનગર, તા.૧૪

અનુસૂચિત જાતિ એકતા મંચનો કાર્યક્રમ તા. ૧૬ સપ્ટેમ્બર સાંજે ૪.૦૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ સેકટર-૧૨ ખાતે યોજાશે. જેમાં રિઝર્વેશન ઈન પ્રમોશન ૨૦૧૨ વિષય ઉપર સોમભાઈ વાઘેલા તથા મનુભાઈ ચૌહાણ વકતવ્ય આપશે.

# ખાત્રજ અને સાંતેજની ત્રણ મોબાઈલ શોપમાં એસ.ઓ.જી.ના દરોડા

## ગ્રાહકના ઓળખ પુરાવાની નકલ લીધા વિના સીમકાર્ડ વેચાતા હતા

કલોલ, તા. ૧૪

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં કેટલાક મોબાઈલ શોપના સંચાલકો દ્વારા સીમકાર્ડના વેચાણ કરી ગ્રાહકોના ઓળખ પુરાવા લીધા વિના અને રજીસ્ટરમાં નોંધ પણ ન કરતાં હોવાનું ધ્યાને આવતા ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે આકસ્મિક ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ત્રણ મોબાઈલ શોપના સંચાલકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરીને ધરપકડ કરવામાં આવી હતી.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. એમ. જે. સોલંકીની સુચનાને આધારે એસ.ઓ.જી. ટીમના હિંમતસિંહ, જયંતિભાઈ, વિષ્ણુભાઈ, દિલીપભાઈ, અરવિંદભાઈ સહિતના માણસોએ કલોલ તાલુકામાં સ્થિત વિવિધ મોબાઈલ શોપમાં આકસ્મિક ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં ત્રણ મોબાઈલ શોપમાં સીમકાર્ડ વેચાણની નોંધ તથા ગ્રાહક પાસેથી ઓળખકાર્ડની કોપી લીધા વિના સીમકાર્ડ વેચવામાં આવતા હોવાનું બહાર આવ્યું હતું. જેમાં ખાત્રજ ચાર રસ્તા પાસે હોટલ ગંગોત્રી એન્ડ ગેસ્ટહાઉસની સામે સદ્ગુરુ મોબાઈલ શોપના સંચાલક રમણજી અમરતજી ઠાકોર, સાંતેજ ગામના ચાર રસ્તા પાસેથી મિત્તલ શોપીંગ સેન્ટરમાં સ્થિત ગુરૂકૃપા મોબાઈલ શોપના સંચાલક વાલાભાઈ માધાભાઈ ચૌધરી અને શ્રી ઉમિયા ઈલેક્ટ્રીકલના નિલેશભાઈ મધુસુધનભાઈ પટેલ સહીત ત્રણ સંચાલકો વિરૂદ્ધ જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



યુનિવર્સિટીમાં પડતર પ્રશ્નોનાં વિરોધમાં નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ડિઝલના ૫ રૂ.ના વધારાએ પ્રજાના પડતા પર પાટુ માર્યુ

અમદાવાદ, તા. ૧૪

કેન્દ્રની કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારે મોંઘવારીનો વિક્રમ સર્જ્યો છે. પેટ્રોલ-ડિઝલ, રાંધણગેસના બાટલાના ભાવવધારાની કોંગ્રેસે પરંપરા ઉભી કરીને પ્રજાની કેડ ભાંગી નાંખી છે. ડિઝલના ૫ રૂ.ના વધારાને પરિણામે કૃષિક્ષેત્રે મહેનત કરતા કિસાનોને મોંઘવારીનો માર સહન કરવો પડશે જેનાથી ભાવવધારાનો ભોરીંગ સાર્વત્રિક સર્જાશે. યુપીએની સરકારની અણઆવડત અને દિશાવિહીન ભ્રષ્ટ શાસનનો ભોગ ભારતની અને ગુજરાતની પ્રજા બની રહી છે. રાત-દિવસ વધી રહેલી મોંઘવારીએ પ્રજાના પડતા પર પાટુ મારવાનું કામ કર્યુ છે. ભાજપા ભાવવધારાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે અને સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન કરવાની ઘોષણા કરે છે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજા તેમજ રાજ્યસભાના સાંસદ શ્રી મનસુખભાઈ માંડવીયાએ આ અંગે યોજાનારા આંદોલનાત્મક કાર્યક્રમોની વિગતો આપતા જણાવ્યું હતું કે ભાજપાના કિસાન આગેવાનો, માછીમાર ભાઈઓ, સાગરખેડૂઓ ડિઝલના ભાવોમાં તોતીંગ ૫ રૂ.ના વધારાની સામે ગામે ગામ મોંઘવારીનો પર્યાય બનેલી કોંગ્રેસના પૂતળાનું દહન કરશે, દેખાવો, ધરમાંના કાર્યક્રમ યોજાશે.

રાજ્યના તમામ મહાનગરો અને જિલ્લા મથકો પર મહિલા મોરચાની બહેનોની અને પ્રજાજનોની ઉપસ્થિતિમાં રાંધણગેસના બાટલાની જાહેર થયેલી અન્યાયી નીતિની સામે ભાજપ દેખાવો, ધરણા, સૂત્રોચ્ચારના કાર્યક્રમો હાથ ધરશે. કેન્દ્રની સરકારમાં કોંગ્રેસ જ્યારે જ્યારે આવી છે ત્યારે જનતા જનાદર્શનને મોંઘવારીના ફટકા માર્યા છે અને ગેસના બાટલામાં દાખલ કરેલ રેશનીંગને પરિણામે ગૃહિણી પર ૩ થી ૪ હજારનો બોજ વધાર્યો છે તેને ભાજપા સાંખી લેશે નહી. કેન્દ્રની કોંગ્રેસ સરકાર મોંઘવારી ઘટાડવાને બદલે સતત વધારી રહી છે અને વચનદ્રોહ કરી રહી છે તેની સામે જિલ્લા મથકો બાદ નગરપાલિકાઓમાં, તુલાકા મથકો પર અને મહાનગરોમાં વોર્ડ કક્ષાએ મોંઘવારી વિરોધમાં આક્રમક કાર્યક્રમ ભાજપા આગામી સપ્તાહમાં કરસે અને મોંગવારી, ભ્રષ્ટાચાર તેમજ ગુજરાતને અન્યાય કરાનારી કેન્દ્રની કોંગ્રેસ સરકારના મૂળીયાં ગુજરાતમાંથી સંપૂર્ણ ઉખેડી નાંખવા પ્રજાને જાગૃત કરશે.

# અમદાવાદ ખાતે કોગ્રેંસ દ્વારા વિશ્વકર્મા સમાજનું સંમેલન

અમદાવાદ, તા.૧૪

ગુજરાત પ્રદેશ કોગ્રેંસ મહામંત્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે શ્રી વિશ્વકર્મા સમાજના પ્રશ્નોને વાચા આપવા વિશ્વકર્મા સમાજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તેમજ ભારતના પ્રધાન મંત્રીના આઈ.ટી. ક્ષેત્રના સલાહકાર અને ટેલીકોમ ક્રાંતિનાં સર્જક સામપિત્રોડાને સન્માનવા માટે રાજ્યકક્ષાનું એક વિશાળ સંમેલન તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ કલાકે કન્વેન્શન હૉલ મેમનગર, અમદાવાદ ખાતે યોજાનાર છે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી વૈશ્ય સુથાર, મેવાડા સુથાર, ગજ્જર સુથાર, પંચાલ સમાજના મિત્રો, સૌરાષ્ટ્ર લુહાર, સુથારના યુવા મિત્રો, વિદ્યાર્થીઓ આગેવાનો તેમજ વિશ્વકર્મા સમાજના ટેકનિકલ ઈજનેરો, વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહેનાર છે. આ મહાસંમેલનમાં સામપિત્રોડા માર્ગદર્શન આપશે અને સંસદ સભ્ય, કેન્દ્રમંત્રીશ્રીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. આ મહાસંમેલનનું આયોજન ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિ અમદાવાદ તરફથી કરવામાં આવેલ છે. આ સંમેલનમાં ગાંધીનગર જિલ્લા સમાજના તમામ વિદ્યાર્થીઓ, અગ્રણીઓ, વિવિધ મંડળોના હોદેદારો તેમજ પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા અને કાર્યક્રમને સફળ બનાવવા હાર્દિક અપિલ કરવામાં આવે છે.



અમદાવાદ ખાતે આવેલ એનસીસી કેમ્પથી વિશાળ યાત્રા નીકળી હતી.

### આવતીકાલે વિશ્વ ઓઝોન-ડે

## ભાવિ પેઢી માટે વાતાવરણની રક્ષા કરીએ

ગાંધીનગર, તા. ૧૪

'ભાવિ પેઢી માટે વાતાવરણની રક્ષા'ના અભિગમ સાથે આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે તા. ૧૬મી સપ્ટેમ્બરે 'વિશ્વ ઓઝોન ડે'ની ઉજવણી કરાશે.

નાયબ વન સંરક્ષક, ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન ઓઝોન લેયરમાં સુધારો કરવા માટે હજારો નાગરિકો, ખાનગી સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ અને શાળા-કોલેજોના વિદ્યાર્થીઓના સહિયારા પ્રયત્નોથી આ ક્ષેત્રમાં નોંધપાત્ર જાગૃતિ આવી છે, ઓઝોન લેયરમાં સુધારો નોંધાયો છે. ચામડીના રોગ અને લોકોની આંખોમાં આવતા મોતિયામાં પણ આ ઝૂંબેશ લાભદાયક નીવડી છે.

ઓકસીજનનો એક અણું O2 સાથે ઓકસિજનનો પરમાણું બ જોડાય માટે ઓઝોન O3 વાયુ બને તેની સર્વને જાણ છે. આ ઓઝોન વાયુનું લેયર સૂર્યમાંથી પૃથ્વી ઉપર આવતાં ૯૯ ટકા અલ્ટ્રાવાયોલેટ કિરણોને રોકે છે જે માનવજાત માટે આશીર્વાદરૂપ છે. મોન્ટ્રીયલ પ્રોટોકોલની ૨૫મી ઉજવણી નિમિત્તે આ વર્ષે 'ભાવિ પેઢી માટે વાતારણની રક્ષા'ના સુત્ર સાથે વન વિભાગ દ્વારા એરકન્ડીશનર, વોટરકુલર, રેફ્રીજરેટર, ડીપફ્રીજ, એરોસોલવાળા પદાર્થો, પરફ્યુમ સ્પ્રેનો વપરાશ ઓછો કરવા અને ઓઝોન લેયરનું સંરક્ષણ-સંવર્ધન કરવા અપીલ કરવામાં આવી છે.

### ચિખલીની જાહેરસભામાં મોદીના કેન્દ્ર પર પ્રહાર

# ગેસ રેશનીંગ ફતવા સામે ગૃહિણીઓ મિજાજ બતાવે

## ડીઝલમાં લીટરદીઠ રૂપિયા પાંચના વધારા સામે યુવાનો, કિસાનો કોંગ્રેસની સત્તા ભૂખનો હિસાબ ચૂકતે કરે : મોદી

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિવેકાનંદ યુવા વિકાસયાત્રાનું દક્ષિણ ગુજરાતમાં ચીખલીથી નેતૃત્વ કરતાં રાંધણ ગેસ સિલીન્ડર બાબત કેન્દ્રની કોંગ્રેસ સલ્તનતે રેશનીંગનો જે ફતવો બહાર પાડ્યો છે અને ડિઝલના પાંચ રૂપિયા લીટર દીઠ એકાએક વધારો કર્યો છે તેની સામે ગૃહિણીઓ, યુવાનો અને કિસાનો પોતાનો મિજાજ બતાવે અને કોંગ્રેસની સત્તાભૂખનો હિસાબ ચૂકતે કરે એવું આહવાન કર્યું હતું.



આજે ચીખલીથી શરૂ થયેલી યાત્રા બિલીમોરા, ગણદેવી, અમલસાડ, હાસાપુર થઈને બપોર બાદ નવસારી પહોંચી હતી. વરસાદની હેલી વચ્ચે પણ યાત્રાને વધાવવા જનતાએ ઠેરઠેર ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો હતો.

નરેન્દ્ર મોદીએ ગૃહિણીઓને કેન્દ્રની કોંગ્રેસ સરકારના મોંઘવારીના ભીષણપંજા સામે પોતાનો મિજાજ બતાવી દેવાનો જનમેદનીને અનુરોધ કરતાં જણાવ્યું કે વર્ષમાં ૬ જ રાંધણ ગેસ સિલીન્ડરનું રેશનીંગ કરીને કેન્દ્રની કોંગ્રેસ સરકારે રાંધણગેસ મોંઘા ભાવે કાળા બજારમાંથી ખરીદી લેવાનો ફતવો બહાર પાડ્યો છે. બિલીમોરા, ગણદેવી, ધમડાછા અને અમલસાડમાં મુખ્યમંત્રીએ કેન્દ્રની કોંગ્રેસ સલ્તનતના ભારત જેવા સાંસ્કૃતિક વિરાસત ધરાવતા દેશને માંસ-મટન-બીફના સૌથી મોટા નિકાસકાર દેશ બનાવવાના કોંગ્રેસના પેંતરા અને ગૌવંશ માંસ-મટનના કતલખાનાના આધુનિકરણ માટે કરોડો રૂપિયાની સબસીડી આપનારી કોંગ્રેસને હવે કોઈ કાળે માફ કરી શકાય નહીં એમ જણાવ્યું હતું.

# જુઠ્ઠાણા ફેલાવતા મુખ્યપ્રધાનને જાહેર ચર્ચાનો કોંગીનો પડકાર

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્ર સરકાર તરફથી થતાં અન્યાયના મુદ્દે જુઠ્ઠાણા ફેલાવીને ગુજરાતની જનતાને ગુમરાહ કરી રહ્યા છે. આથી કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રીને જાહેર ચર્ચા માટેનો પડકાર ફેંકવામાં આવે છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જ્યાં કહે ત્યાં આઠ દિવસમાં એટલે કે તા. ૨૨મી સપ્ટેમ્બર સુધી રાજ્યના બુદ્ધિજીવીઓ અને પત્રકારોની વચ્ચે કોંગ્રેસના અગ્રણીઓ સાથે જાહેર ચર્ચા કરે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે પત્રકારોને જણાવ્યું હતું.

ગુજરાતમાં ભાજપના ૧૪ સાંસદો છે. આ ભાજપના સાંસદોએ સંસદમાં ગુજરાતને થતાં અન્યાયના મામલે કેમ કોઈ પ્રશ્ન ન ઉઠાવ્યા, મુખ્યમંત્રી ગપ્પોડી છે, જુઠ્ઠુ બોલીને પ્રજાને ગુમરાહ કરી રહ્યા છે. ભાજપ સરકારે ૧૧ વર્ષના શાસનમાં શું કામગીરી કરી એનો



પ્રજાને હિસાબ આપવાને બદલે ભારત સરકારના અન્યાયના નામે પ્રજાનું ધ્યાન બીજે વાળવા બુમરાણ મચાવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ ગઈ ચૂંટણીમાં મહેસાણાની જાહેરસભામાં કહ્યું હતું કે, 'ચકલી ખોલશો તો પાણી નહીં પરંતુ તેલ નીકળશે' પણ તેલની વાત તો દૂર રહી હકીકતે નળમાંથી પીવાનું પાણી પણ મળતું નથી, મુખ્યમંત્રીએ પંજાબમાં જઈને કહ્યું ગુજરાતના ખેડૂતો દર વર્ષે મારુતિ ખરીદે છે અને ૨૪ કલાક પાવર મળે છે પણ હકીકત એ છે કે ૧૦ લાખ ખેડૂતો વીજ કનેક્શનો માટે લાઈનમાં બેઠા છે.

## દરો ઘટાડવાનું શસ્ત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે મોદી અત્યારે વેટમાં ઘટાડો જાહેર કરશે નહીં. અત્યારે તો ડિઝલના ભાવવધારા સામે દેશવ્યાપી આંદોલનો થયાં છે ત્યારે તેમાં આક્ષેપો કરવાની તક પ્રાપ્ત થઈ છે પરંતુ ચૂંટણી આચારસંહિતા આવે તે પહેલાં પેટ્રોલ-ડિઝલમાં વેટના દરો ઘટાડીને રાહત આપવાનું પ્લાનિંગ ચાલે છે. આ રાહત માત્ર ત્રણ કે ચાર મહિના માટે આપી શકાય તેમ છે.

નાણા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાતમાં લીટરે પાંચ રૂપિયા સુધીનો લાભ વાહન ચાલકોને આપી શકાશે. જો સરકાર ફોર્મ્યુલા બનાવે તો આ વિભાગ પાસે તે તૈયાર છે. ત્રણ વર્ષ પહેલાં પણ ભાજપની સરકારે પેટ્રોલ-ડિઝલમાં વેટના દરોમાં ઘટાડો કર્યો હતો. આમ પણ કેન્દ્ર સરકારે રાજ્યોને વેટમાં ઘટાડો કરવાની અપીલ કરી છે. ભાજપની ગોવાની સરકારે વેટના દરોમાં ઘટાડો કર્યો છે. ગુજરાત પણ તે કરી શકે છે, પરંતુ કેન્દ્ર કહે એટલે નહીં, પાર્ટીને રાજકીય માઈલેજ મળવું જોઈએ.

## બે કરોડનું નુકસાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાવેતરમાં પાંચેક હજાર હેકટરનો વધારો થવા પામ્યો છે. ડાંગર, બાજરી અને કઠોળના પાકોનું વાવેતર ગત વર્ષની તુલનામાં ઘટવા પાયું છે.

જિલ્લામાં સામાન્યતઃ કપાસ અને દિવેલાનું વાવેતર લગભગ સરખું થતું હોય છે. આ વખતે કપાસના પાકનું વાવેતર ૩૫૫૫૯ હેકટરમાં થવા પામ્યું છે જયારે દિવેલાના પાકનું વાવેતર ઘટીને ૨૫,૩૪૩ હેકટર વિસ્તારમાં થયું છે.

કપાસના પાકમાં સૌથી વધુ નુકશાન દહેગામ, માણસા, કલોલ અને ચિલોડા પંથકમાં થવા પામ્યું છે. આ ઉપરાંત શાકભાજીના પાકોમાં દહેગામ, ગાંધીનગરમાં પ્રમાણમાં વધુ નુકશાન થવા પામ્યું છે. જિલ્લામાં ગુવારનું વાવેતર ૮ હજાર હેકટર અને મગફળીનું વાવેતર ૨૯૦૦ હેકટરમાં થવા પામ્યું છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર ગાંધીનગર તાલુકામાં ૪૪,૨૩૬ હેકટર, દહેગામમાં ૪૦,૭૪૯ હેકટર, કલોલમાં ૩૧,૪૦૩ હેકટર અને માણસામાં ૨૫,૮૯૫ હેકટરમાં વાવેતર થયું છે. કપાસના પાકનું સૌથી વધુ વાવેતર માણસામાં નોંધાયું છે જયાં ૧૪ હજાર હેકટર થવા પામ્યું છે જયારે આ પછી દહેગામ તાલુકો આવે છે જયાં ૧૦ હજાર હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે.

## પ્રવાસનું આયોજન... ● ત્રીજા પાનાનું ચાલુ

વિસ્તારમાં તા. ૧૮ થી ૨૧-૯-૨૦૧૨ના સવારે ૯.૩૦ થી સાંજના ૮.૦૦ કલાક સુધી, દહેગામ વિધાનસભા વિસ્તારમાં તા. ૧૮ થી ૨૧-૯-૨૦૧૨ના સવારે ૯.૩૦ થી સાંજના ૮.૦૦ કલાક સુધી, ગાંધીનગર દક્ષિણ વિસ્તારમાં તા. ૧૭ થી ૨૨-૯-૨૦૧૨ના સવારે ૯.૩૦ થી સાંજના ૮.૦૦ કલાક સુધી અને ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૨૧ અને ૨૨-૯-૨૦૧૨ના સવારે ૯.૩૦ થી સાંજના ૮.૦૦ કલાક સુધી યોજાશે. જેથી જે તે વિસ્તારના સ્થાનિક કોંગ્રેસ આગેવાનોએ નિર્ધારીત પ્રવાસ કાર્યક્રમની વ્યવસ્થા અને સગવડ કરવા વિનંતી સહ જણાવાયું છે. પ્રવાસ અંગેનો વિગતવાર કાર્યક્રમ તમામ આગેવાનો અને કાર્યકરોને મોકલવામાં આવેલ છે જેથી સમયસર અચૂક ઉપસ્થિત રહેવા અને સ્થાનીક કાર્યકરોને ઓળખપત્ર માટે પાસ પોર્ટ સાઈઝના ફોટા સહિત ઉપસ્થિત રાખવા જિલ્લા કોંગ્રેસ સમિતિની અખબારી યાદીમાં જણાવાયું છે.

## હેલ્પ ડેસ્ક મુકાશે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે મળેલી આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારના રિસર્વેનો મુદ્દો શૈલેન્દ્રસિંહ બિહોલાએ ઉપસ્થિત કર્યો હતો અને જણાવ્યું હતું કે મિલ્કતોની આકારણી કેટલાકમાં પુરી નથી દર્શાવાઈ અને દર્શાવાઈ છે તેમાં પણ ઘણી બધી અધુરપો છે. તેમણે બિલોમાં નામ ટૂંકા દર્શાવવામાં આવ્યાની વાતને લઈ પણ નારાજગી વ્યક્ત કરી હતી. શ્રી બિહોલાએ ગ્રામ્ય વિસ્તારનો રિસર્વે તાત્કાલિક શરૂ કરવા માટેનો આગ્રહ બેઠકમાં ચર્ચા દરમ્યાન ચાલુ રાખતાં તેમની આ માંગણી સ્વીકારવામાં આવી હતી અને જરૂરી કામગીરી તાકીદે શરૂ કરવા માટે જણાવાયું હતું.

યુવા કાઉન્સીલર હર્ષજીત પંડ્યાએ જનસેવા કેન્દ્ર ખાતે મિલ્કતધારક બિલ ભરવા આવે ત્યારે તેને તકલીફો ના પડે તે માટે હેલ્થ ડેસ્ક શરૂ કરવુ જોઈએ તેમજ ગ્રાહકને સંતોષકારક જવાબ મળે તેની પણ વિશેષ કાળજી લેવા માટેનો આગ્રહ કર્યો હતો.


શ્રી હર્ષજીત પંડ્યાએ એવો મુદ્દો પણ રજુ કર્યો હતો કે મકાનના શ્રેત્રફળને લઈ મળેલા વાંધાઓ અંગે સુનાવણી કેટલા કિસ્સામાં કરવામાં આવી અને કેટલા વાંધા સ્વીકારવામાં આવ્યા પછી બિલો સુધારણા સાથેના મોકલાયા.

શ્રીમતિ મીનાબા વાઘેલાએ બિલો સમય-મર્યાદામાં નહિ બજ્યા હોવાનો રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે બિલોની છપામણી કેટલી થઈ કેટલાને તેની બજવણી કરવામાં આવી આવેલ વાંધાઓ પૈકી કેટલા બિલોની સુધારણા કરાઈ જેવા અણિયાળા સવાલો કર્યા હતા.

અધ્યક્ષશ્રી નામદેવ વરસાતે પણ મળેલ વાંધા અરજીઓની સંખ્યા અને નિકાલને લઈ તંત્રને આડે હાથ લીધુ હતુ. તેમણે ૪૭૨ જેટલા કિસ્સામાં બજવણી થઈ ન હોવાની વાતને ગંભીર લેખાવી હતી. શ્રી વરસાતે રજુ થયેલા વાંધાઓ પૈકી કેટલાને લેખિતમાં તેના પ્રત્યુત્તર આપવામાં આવ્યા તે સહિતની વિગતો રજુ કરવા જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં ડે. મ્યુનિ. કમિશનર શ્રી જાદવ, આસિ. કમિશનર (ઈન્ચાર્જ) શ્રી ચૌધરી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. સમિતિએ ૧લી ઓકટો. સુધીમાં થયેલ આવક સેક્ટરવાર તેમજ કેટલી બાકી વસુલાત અને અન્ય રેકર્ડ સાથે હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૪૮૪૪



**આડી ચાવી**

૧. રેલી, શોભાયાત્રા (૪)
૪. પૂનમ પહેલાની તિથિ (૩)
૭. દાન કે પૈસા વગર, વળતર વિના (૩)
૯. મોકો, તક (૨)
૧૦. એકબીજા વગર ઝૂરી મરતા પક્ષીની એક જાત (૬)
૧૧. ધાર કાઢવાનું યંત્ર કે સાધન (૩)
૧૬. દૂર્યોધનના મામા શકુની (૬)
૧૭. હિન્દી ફિલ્મનો વિલન (૨)
૧૮. ચાકડો (૨)
૧૯. પરસ્પર (૬)

**ઊભી ચાવી**

૧. કસરત તથા જાનવરોનો તમાસો - ખેલ (૪)
૨. ભયંકર યુધ્ધ (૪)
૩. યાત્રા (૩)
૫. દલાલી કરનાર (૩)
૬. ચુલો, ગેસની... (૩)
૮. 'તપાસ' શબ્દ ગોઠવો (૩)
૧૨. પાટનગર (૪)
૧૩. ફિલ્મ કે નાટકમાં ઘણા અભિનેતા... અભિનય કરે છે (૪)
૧૪. પત્તા (૨)
૧૫. ખૂબ તોફાની, તોફાની... (૪)
૧૬. શેરડી (૩)
૧૮. '૪'ની સંખ્યા (૨)

### શબ્દાવલી ૪૮૪૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઈન્કાર (૩) વખત (૬) અધુરપ (૭) રાબડીદેવી (૮) રવ (૧૨) તતડાવવું (૧૪) મહેતલ (૧૫) ઈલુ (૧૬) કાન (૧૭) સામો (૧૯) રજો (૨૨) ટકોર

**ઊભી ચાવી :-** (૧) ઈકરાર (૨) કાપડીયો (૩) વધુ (૪) ખરવું (૫) તપ (૬) અવીરત (૯) વડાઈ (૧૦) નવું (૧૧) મહેનત (૧૨) તલસાટ (૧૩) વલુર (૧૪) મકામ (૧૮) મોકો (૨૦) જોમ

SANGHI CEMENT
Kisan
VINAYAK 500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
Dr. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ